અનુસૂચિત જાતિના/જનજાતિઓ પરના અત્યાચારો સામે અપાતી નાણાંકીય સહાયના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ હસલ/૧૦૨૦૧૨/૭૩૬૩૧/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 20 APR 2012

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૮-૧૧-૧૯૯૫નો ઠરાવ ક્રમાંકઃ હસલ/૧૦૯૪/આઇ.૨૪/હસેલ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીની તા. ૨૩-૧૨-૨૦૧૧ની અધિસૂચના

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૨૩-૧૧-૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃઅજાક-છ.૧-૨૦૧૧/૧૨-૧૪૧૨-૧૩

આમુખઃ

અનુસૂચિત જાતિઓ/જનજાતિઓ સિવાયના ઇસમો ધ્વારા થતા અત્યાચારના કિસ્સામાં જુદા જુદા પ્રકારના અત્યાચારો સામે વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ ના ઠરાવથી જુદા જુદા દરે નાણાકીય સહાય આપવામાં આવે છે.

ઠરાવઃ-

તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિઓ પરના અત્યાચારો અટકાવવાનો અધિનિયમ-૧૯૮૯(૧૯૮૯નો ૩૩મો) ની કલમ-૨૩ પેટા કલમ-૧ ની સત્તા અન્વયે ભારત સરકારે તા. ૨૩-૧૨-૨૦૧૧ની અધીસૂચનાથી અત્યાચારો સામે અપાતી નાણાકીય સહાય દરોમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંકઃ૨ અને ૩ ધ્યાને લઇ સક્રિય વિચારણાના અંતે રાજ્ય સરકાર નીચે દર્શાવેલ શરતોને આધિન રહીને નીચે દર્શાવ્યા મુજબ સહાયના નવા દરો અમલમાં મુકવાનું ઠરાવે છે. તથા આ માટે સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રૂા. ૨૦૮.૨૦ લાખ મંજુર કરવાનું ઠરાવે છે.

| ક્રમ | ગુનાનો પ્રકાર | જૂના દર | વધારેલ દર. |
|---|---|---|---|
| (૧) | ખૂન | રૂા. ૨.૦૦ લાખ | રૂા. ૫.૦૦ લાખ |
| (૨) | મહાવ્યથા | રૂા. ૫૦,૦૦૦/- | રૂા. ૧.૨૦ લાખ |
| (૩) | બળાત્કાર | રૂા. ૫૦,૦૦૦/- | રૂા. ૧.૨૦ લાખ |
| (૪) | આગથી બગાડ | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૬૦,૦૦૦/- |
| (૫) | અન્ય બનાવો | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૬૦,૦૦૦/- |

(પાછળ)

શરતોઃ-

(૧) આ ખર્ચ તા. ૧-૦૪-૨૦૧૨ થી કરવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં પ્રશ્ચાદવર્તી અમલ કરવાનો રહેશે નહિ.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન ખર્ચ કરવાનો રહેશે.

(3) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૮-૧૧-૧૯૯૫ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

3. આ અંગેનો ખર્ચ માંગણી નંબર-૯૫ મુખ્ય સદર ૨૨૨૫ , અનુસૂચિત જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ૮૦૦ અન્ય ખર્ચ સબ હેડ (3) બીસીકે-૬૦ નાણાકીય સહાય નાગરિર સેલ ખાતે ઉધારવું અને જે તે વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨-૦૪-૨૦૧૨ની નોંધથી મળેલ સંમિતથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજયના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,**

(વિધુત પંડયા) ૨૦.૪.૨૦૧૨.

ઉપ સચિવ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

(૧) માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માનનીય મુખ્યમંત્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(3) સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર

(૪) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

(૫) સર્વે રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય, ગાંધીનગર

63/2020

(૬) સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,

(૭) પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, અસારવા, અમદાવાદ

(૮) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર યોગ્ય કાર્યવાહી અર્થે.

(૯) સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ

(૧૦) તકેદારી અધિકારીશ્રી, રાજકોટ/વડોદરા/અમદાવાદ

(૧૧) સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ( પંચાયત )

(૧૨) ધી એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ

(૧૩) ધી એકાઉન્ટન્ટ જનરલ-(એ.એન્ડી.ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ

(૧૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૫) નિવાસી હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૬) સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,

(૧૭) નાણાં સલાહકારશ્રી(સા.ન્યાય અને અધિ.વિ) નાણાં વિભાગ

(૧૮) સિલેકટ ફાઇલ/ અંગત ફાઇલ.